**ક્રમાંક-૩**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**શુક્રવાર, તા.૪થી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા. ૪થી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪ અને ૫ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૬ થી ૨૧૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. સભ્યશ્રીને સસ્પેન્ડ કરવા બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજ તા.૪થી માર્ચ ૨૦૨૨ના રોજના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન સભ્યશ્રી પુંજાભાઇ વંશે અસંસદીય અને અશોભનીય શબ્દોનું ઉચ્ચારણ કરી ગૃહની ગરિમાને હાનિ પહોંચાડી હોઇ તેમને સભાગૃહની કાર્યવાહીમાંથી સાત દિવસ માટે સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. જેને માનનીય મંત્રીશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ સમર્થન આપતાં પ્રસ્તાવનો સભાગૃહે સ્વીકાર કર્યો અને માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી પુંજાભાઇ વંશને સભાગૃહની કાર્યવાહીમાંથી સાત દિવસ માટે સસ્પેન્ડ કર્યા.

**૩. સભાત્યાગ**

સભ્યશ્રી પુંજાભાઇ વંશને સભાગૃહની કાર્યવાહીમાંથી સાત દિવસ માટે સસ્પેન્ડ કરવાના વિરોધમાં વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિપક્ષના સભાગૃહમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

**૪. સરકારી વિધેયકો**

**(૧)** માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૨નું ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સી. કે. રાઉલજી
(૨) શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ
(૩) શ્રી પીયુષ દિ. દેસાઇ
(૪) શ્રી નીતિનભાઇ ર.પટેલ(પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી નીતિનભાઇ પટેલે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨ થી ૫, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ થી ૫, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(૨)** માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૨નું ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા
(૨) શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર

(૩) શ્રી મહેશકુમાર ક. રાવલ
(૪) શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૧૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૧૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, સોમવાર તા.૭મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧.૫૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૪થી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**